==========================================================
**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.
==========================================================

# ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

## ક્રિમિનલ અપીલ (અગેઈન્સ્ટ કન્વિક્શન) નં. ૫૫૨/૨૦૧૪

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિશ્રી કે.એમ. ઠક્કર**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક પેપર્સના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે છે? | હા |
| ૨ | પત્રકારને રિફર કરવામાં આવશે કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમુર્તિ ચુકાદાની વાજબી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તેના હેઠળ કરાયેલા કોઈપણ આદેશને લગતા કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના |

==========================================================

ત્રિલોકભાઈ મોતીલાલ રાજપુત (બુંદેલ).................. અપીલકર્તા (ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય ........પ્રતિવાદી (ઓ)

====================================================

ઉપસ્થિતિ:

અપીલકર્તા (ઓ) નં. ૧ તરફે બેલાબેન એમ. નાયક, વકીલ

અપીલકર્તા (ઓ) નં. ૧ તરફે શ્રી ભુનેશ સી. રુપેરા, વકીલ

પ્રતિવાદી (ઓ) નં.૧ તરફે શ્રી એલ.બી. ડાભી, એ.પી.પી.

====================================================

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તિશ્રી કે.એમ. ઠક્કર**

**તારીખઃ૦૫/૧૧/૨૦૧૫**

**મૌખિક ચુકાદો**

૧. આ અપીલ સ્પેશિયલ જજ (એટ્રોસિટી), કોર્ટ નં. ૭, અમદાવાદ દ્વારા સ્પેશિયલ (એટ્રોસિટી) ક્રિમિનલ કેસ નં. ૨૩/૨૦૧૨ માં તા. ૨૪/૦૩/૨૦૧૪ ના રોજ પસાર કરવામાં આવેલા ચુકાદા અને હુકમ સામે દાખલ કરવામાં આવી છે.

૨. આ ફોજદારી અપીલમાં અપીલકર્તા ઉક્ત સ્પેશિયલ (એટ્રોસિટી) ક્રિમિનલ કેસ નં. ૨૩/૨૦૧૨ માં મૂળ આરોપી છે. અપીલકર્તા પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬, ૩૩૭, ૨૯૪(બી) અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૩(૧)(10) હેઠળ સજાપાત્ર ગુના માટે આરોપ મૂકવામાં

આવ્યો હતો. આક્ષેપિત ચુકાદા અને હુકમ દ્વારા, આરોપી–અપીલકર્તાને શંકાનો લાભ આપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬, ૩૩૭, ૨૯૪(બી) હેઠળ સજાપાત્ર ગુનાના આરોપમાંથી નિર્દોષ મુક્ત કરવામાં આવ્યા છે. જોકે, હાલની અપીલમાં અપીલકર્તાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૩(૧)(10) હેઠળ સજાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. ઉક્ત ગુનાઓમાં હાલના અપીલકર્તા–આરોપી સામે દોષસિદ્ધિ નોંધ્યા પછી, વિદ્વાન ટ્રાયલ કોર્ટે અપીલકર્તાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ હેઠળ સજાપાત્ર ગુના માટે ૧ (એક) વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૪,૦૦૦/– નો દંડ અને જો દંડ ન ચૂકવવામાં આવે તો ૧ (એક) મહિનાની સાદી કેદની સજા ફટકારી છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૩(૧)(10) હેઠળ સજાપાત્ર ગુના માટે, અપીલકર્તાને ૧ (એક) વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૪૦૦૦/– નો દંડ અને કસૂર થયે ૧ (એક) મહિનાની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે. અપીલકર્તા પર લાદવામાં આવેલી સજા એકસાથે ભોગવવાની રહેશે.

૩. ટૂંકમાં કહીએ તો, ફરિયાદ પક્ષનો કેસ એવો હતો કે તા. ૦૨/૦૨/૨૦૦૫ ના રોજ, સાંજે આશરે ૦૬.૪૫ કલાકે, જ્યારે

અપીલકર્તા તેની કેબિન–દુકાનમાં હાજર હતો, જ્યાં તે ઘડિયાળ રિપેર કરવાની નાની દુકાન ચલાવે છે, ત્યારે આરોપી અને ફરિયાદી વચ્ચે ઝઘડો થયો હતો, જેણે તેની ઘડિયાળ રિપેર કરવા આપી હતી અને ઉક્ત ઝઘડા દરમિયાન, અપીલકર્તાએ ફરિયાદીને ગાળો આપી હતી અને તેની જાતિનું નામ લઈને અને અપમાનજનક શબ્દો/ભાષાનો ઉપયોગ કરીને તેનું અપમાન કર્યું હતું. ફરિયાદ પક્ષના કેસ મુજબ, ઝઘડા સમયે, અપીલકર્તા કેટલીક ઘડિયાળનું રિપેરિંગ કરી રહ્યો હતો અને તે હેતુ માટે, તેણે ઘડિયાળના ભાગોને સાફ કરવા માટે એક વાટકીમાં એસિડ રેડ્યું હતું અને ઝઘડા દરમિયાન અપીલકર્તાએ ઉક્ત પ્રવાહી એસિડ ફરિયાદી પર ફેંક્યું હતું જેના કારણે ફરિયાદીને છાતી અને હાથ પર થોડું પ્રવાહી એસિડ પડવાથી દાઝી જવાથી ઈજાઓ પહોંચી હતી. ફરિયાદીની હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી. ફરિયાદીએ ઘટના બની તે જ તારીખે એટલે કે તા. ૦૨/૧૦/૨૦૧૫ ના રોજ ફરિયાદ નોંધાવી હતી. તેમની ફરિયાદમાં તેમણે એવા સાક્ષીઓના નામનો ઉલ્લેખ કર્યો હતો જેઓ, તેમના આક્ષેપ મુજબ ઘટના બની ત્યારે અપીલકર્તાની દુકાન પર તેમની સાથે હાજર હતા.

૩.૧ ત્યારબાદ, તપાસ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ, તપાસ દરમિયાન પૂરતી સામગ્રી મેળવ્યા પછી, અપીલકર્તા–આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ કેસ

સ્પેશિયલ કોર્ટ દ્વારા ચલાવવાપાત્ર હોવાથી સ્પેશિયલ કોર્ટ સમક્ષ નોંધવામાં આવ્યો હતો. સ્પેશિયલ કોર્ટે આંક ૫ પર આરોપનામું ઘડ્યું હતું.

૩.૨ હાલના અપીલકર્તા–આરોપીનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પૂછવામાં આવતા, આરોપી–અપીલકર્તાએ ગુનો કબૂલ કર્યો ન હતો અને કેસ ચલાવવાની માંગણી કરી હતી.

૩.૩ આરોપી–હાલના અપીલકર્તા સામે કેસ–આરોપ સાબિત કરવા માટે, ફરિયાદ પક્ષે ૧૧ સાક્ષીઓની તપાસ કરી હતી. ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવાઓ પર પણ આધાર રાખ્યો હતો અને લગભગ ૧૪ દસ્તાવેજો રેકોર્ડ પર મૂકવામાં આવ્યા હતા. મૌખિક પુરાવા નોંધાયા પછી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ હેઠળ અપીલકર્તા–આરોપીનું વધુ નિવેદન નોંધવામાં આવ્યું હતું અને અપીલકર્તા–આરોપી સમક્ષ દોષિત ઠેરવતા પુરાવાઓની સામગ્રી મૂકવામાં આવી હતી.

૩.૪ પોતાના વધુ નિવેદનમાં આરોપી–અપીલકર્તાએ જણાવ્યું હતું કે ફરિયાદી ઉક્ત વિસ્તારમાં જાણીતો માથાભારે શખ્સ છે અને તે "હપ્તા" ઉઘરાવતો હતો અને તે રકમનો ઉપયોગ દારૂ ખરીદવા માટે કરતો હતો અને ત્યાં રહેતા લોકોને અથવા પોતાની દુકાનો / વ્યવસાય ચલાવતા લોકોને હેરાન કરતો હતો. અપીલકર્તાએ પોતાના વધુ નિવેદનમાં એવો પણ ઉલ્લેખ

કર્યો હતો કે જ્યારે પણ તેની પુત્રી તેને મદદ કરવા માટે દુકાન પર બેસતી હતી, ત્યારે ફરિયાદી તેને હેરાન કરતો હતો. અપીલકર્તાએ એવો પણ દાવો કર્યો હતો કે આવી કોઈ ઘટના બની નથી અને તેને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો છે.

૩.૫ રેકોર્ડ પર મૂકવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લીધા પછી અને અપીલકર્તા અને ફરિયાદ પક્ષ તરફથી કરવામાં આવેલી રજૂઆતો, ફરિયાદ પક્ષ અને અપીલકર્તા–આરોપીની રજૂઆતો સાંભળ્યા પછી, વિદ્વાન ટ્રાયલ કોર્ટે અપીલકર્તાને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૩(૧)(10) હેઠળ સજાપાત્ર ગુના માટે દોષિત ઠેરવ્યો હતો અને ઉપર જણાવેલ સજા ફટકારી હતી. આ ચુકાદા અને હુકમથી નારાજ થઈને, અપીલકર્તાએ હાલની અપીલ દાખલ કરી છે.

૪. અપીલકર્તા તરફથી વિદ્વાન વકીલ શ્રી રૂપેરાએ રજૂઆત કરી હતી કે વિદ્વાન ટ્રાયલ કોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૩(૧)(10) હેઠળ સજાપાત્ર ગુના માટે અપીલકર્તાને દોષિત ઠેરવવામાં ભૂલ કરી છે, જ્યારે અપીલકર્તા દોષિત નથી અને તેને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો હતો.

અપીલકર્તાના વિદ્ધાન વકીલે રજૂઆત કરી હતી કે અપીલકર્તાએ ફરિયાદનો વિરોધ કર્યો ન હતો અને તેણે કોઈપણ રીતે ફરિયાદીનું અપમાન કર્યું ન હતું, અપમાનજનક શબ્દો વાપરવાનો કે ફરિયાદીની જાતિ કે અન્ય શબ્દોના નામે અપમાન કરવાનો તો કોઈ પ્રશ્ન જ નથી. અપીલકર્તાના વિદ્ધાન વકીલે રજૂઆત કરી હતી કે જો એમ માની લેવામાં આવે કે કથિત ઘટના બની હતી તો પણ એવું કહી શકાય નહીં કે ઘટના જાહેર દૃષ્ટિ સમક્ષ બની હતી અને તેથી, તે એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧)(10) ની મર્યાદામાં આવશે નહીં અને વિદ્ધાન ટ્રાયલ કોર્ટે ઉક્ત પાસાને ધ્યાનમાં ન લઈને અને અપીલકર્તાને દોષિત ઠેરવવામાં ભૂલ કરી છે. અપીલકર્તાના વિદ્ધાન વકીલે એવી પણ રજૂઆત કરી હતી કે નજરે જોનાર સાક્ષી તરીકે જે સાક્ષીની તપાસ કરવામાં આવી છે તેણે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું નથી, તેમ છતાં, વિદ્ધાન ટ્રાયલ કોર્ટે ઉક્ત પાસાની ભૂલભરેલી રીતે અવગણના કરી છે. અપીલકર્તાના વિદ્ધાન વકીલે એમ પણ જણાવ્યું હતું કે તમામ પંચ સાક્ષીઓને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા હતા અને પરિણામે રિકવરી કે ઘટના સાબિત થઈ નથી. અપીલકર્તાના વિદ્ધાન વકીલે એવી પણ રજૂઆત કરી હતી કે ફરિયાદીના ભાઈની તપાસ કરવામાં આવી હતી, પરંતુ ઉક્ત પુરાવો સંપૂર્ણપણે સાંભળેલી વાત પર આધારિત પુરાવો છે કારણ કે ઘટના સમયે ફરિયાદીનો ભાઈ હાજર ન હતો. અપીલકર્તાના વિદ્ધાન વકીલની રજૂઆત મુજબ બાજુની કેબિન ધારકના પુરાવાએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપ્યું

નથી. અપીલકર્તાના વિદ્વાન વકીલે આસ્મા તુન્નિચા વિરુદ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ, (૨૦૧૧) ૧૧ એસસીસી ૨૫૯ માં નોંધાયેલા કેસના નિર્ણય પર પણ આધાર રાખ્યો હતો. તેમણે સચિન કુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ દિલ્હીના કેસમાં દિલ્હી હાઈકોર્ટના તા. ૦૩/૦૭/૨૦૦૬ ના નિર્ણય પર પણ આધાર રાખ્યો હતો. તેમણે દિનકર રાવ ઉર્ફે જવાલે વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણય પર પણ આધાર રાખ્યો હતો. તેમણે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં આંધ્રપ્રદેશ હાઈકોર્ટના નિર્ણય પર પણ આધાર રાખ્યો હતો.

૪.૧. વિદ્વાન એપીપીએ અપીલનો અને અપીલકર્તાના વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો વિરોધ કર્યો છે. વિદ્વાન એપીપીએ રજૂઆત કરી હતી કે ફરિયાદી પર એસિડ ફેંકવામાં આવ્યું હોવાથી તેને દાઝી જવાથી ઈજાઓ થઈ હોવાથી તપાસ અધિકારીએ મરણોન્મુખ નિવેદન નોંધવા માટે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને વિનંતી મોકલી હતી અને તે હેતુ માટે, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને બોલાવવામાં આવ્યા હતા. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટે તા. ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ (એટલે કે ઘટના/ફરિયાદની તારીખે) ફરિયાદીનું નિવેદન નોંધ્યું હતું. તેમણે રજૂઆત કરી હતી કે મરણોન્મુખ નિવેદનના તેમના ઉક્ત નિવેદનમાં ફરિયાદીએ સ્પષ્ટપણે અપીલકર્તાના નામનો ઉલ્લેખ કર્યો હતો અને ઘટનાની વિગતોનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિદ્વાન એપીપીએ એવી પણ

રજૂઆત કરી હતી કે ફરિયાદીના કપડાં પર દાઝેલાના/એસિડના નિશાન હતા. વિદ્ધાન એપીપીએ એવી પણ રજૂઆત કરી હતી કે જ્યારે અપીલકર્તા દ્ધારા એસિડ ફેંકવામાં આવ્યું ત્યારે તે અપીલકર્તાની બાજુમાં કેબિન–દુકાન ચલાવતા એક વ્યક્તિ પર પણ પડ્યું હતું અને અપીલકર્તા દ્ધારા ફરિયાદી પર ફેંકવામાં આવેલા એસિડના કારણે તેને પણ ઈજા થઈ હતી. વિદ્ધાન એપીપીએ એવી પણ રજૂઆત કરી હતી કે કોર્ટે અપીલકર્તા સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ હેઠળ દોષસિદ્ધિ નોંધવામાં સાચો અને વાજબી નિર્ણય લીધો છે. અપીલકર્તા વતી કરવામાં આવેલી રજૂઆતો અંગે અને એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧)(10) હેઠળ સજાપાત્ર ગુનાના સંબંધમાં, વિદ્ધાન એપીપીએ રજૂઆત કરી હતી કે દુકાન રસ્તાની બાજુમાં આવેલી છે અને તેથી, દુકાન જાહેર સ્થળે છે અને પરિણામે અપીલકર્તાનો એ દાવો ગેરસમજભર્યો અને ટકી ન શકે તેવો છે કે ઘટના એટ્રોસિટી એક્ટની કલમ ૩(૧)(10) ની મર્યાદામાં આવશે નહીં. વિદ્ધાન એપીપીએ એમ પણ જણાવ્યું હતું કે ફરિયાદીને થયેલી ઈજાઓના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને તેને લગભગ ૭ દિવસ પછી એટલે કે તા. ૧૦/૧૦/૨૦૦૫ ના રોજ રજા આપવામાં આવી હતી.

૪.૨ વિદ્ધાન એપીપી અને અપીલકર્તાના વિદ્ધાન વકીલે સંયુક્ત રીતે રજૂઆત કરી હતી કે ટ્રાયલ શરૂ થાય તે પહેલાં ફરિયાદીનું મૃત્યુ થયું હતું અને વિદ્ધાન ટ્રાયલ કોર્ટે ચુકાદામાં આ હકીકત નોંધી છે.

૪.૩ વિદ્વાન કોર્ટ સમક્ષ જણાવવામાં આવેલી વિગતો અનુસાર, ફરિયાદીનું જુલાઈ ૨૦૦૭ માં મૃત્યુ થયું હતું, એટલે કે ઘટનાની તારીખના આશરે ૨ વર્ષ પછી, અને તે હકીકત વિશે કોઈ વિવાદ નથી કે ફરિયાદીનું કુદરતી મૃત્યુ થયું હતું અને વિદ્વાન ટ્રાયલ કોર્ટે ચુકાદાના ફકરા નંબર ૧૨ માં નોંધ્યું છે કે ફરિયાદીનું "કુદરતી મૃત્યુ" થયું હતું.

૪.૪ તદુપરાંત, ફરિયાદ પક્ષનો એવો પણ કેસ નથી કે ઘટનાને કારણે ફરિયાદીને થયેલી ઈજાઓને કારણે તેનું મૃત્યુ થયું હતું.

૪.૫ તા. ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા નોંધવામાં આવેલા નિવેદન/મરણોન્મુખ નિવેદનને વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા મરણોન્મુખ નિવેદન તરીકે ગણવામાં આવ્યું નથી અને ફરિયાદ પક્ષનો પણ એવો કેસ નથી કે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા નોંધવામાં આવેલા ફરિયાદીના નિવેદનને મરણોન્મુખ નિવેદન તરીકે ગણવું જોઈએ.

૪.૬ વિદ્વાન એપીપીએ રજૂઆત કરી હતી કે ફરિયાદ પક્ષ એવો દાવો કરતો નથી કે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા નોંધવામાં આવેલ ઉક્ત નિવેદન મરણોન્મુખ નિવેદનના સ્વરૂપમાં છે, અને તેની લાક્ષણિકતા ધરાવે છે અને તેને તે રીતે ગણવું જોઈએ.

૫. મેં અપીલકર્તા માટેના વિદ્વાન વકીલ અને વિદ્વાન એપીપીને સાંભળ્યા છે અને રેકોર્ડ પર ઉપલબ્ધ પુરાવાઓ અને અપીલકર્તાના વિદ્વાન વકીલ દ્વારા આધાર રાખવામાં આવેલા નિર્ણયને પણ ધ્યાનમાં લીધા છે.

૫.૧ અપીલકર્તાના વિદ્વાન વકીલ અને વિદ્વાન એપીપી દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના પ્રકાશમાં, હાલની અપીલમાં નિર્ણય માટે માત્ર એક જ પ્રશ્ન ઊભો થાય છે કે શું વિદ્વાન ટ્રાયલ કોર્ટે અપીલકર્તા સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ ની કલમ ૩(૧)(10) હેઠળ દોષસિદ્ધિ નોંધવામાં અને તેને ઉપર જણાવેલ સજા ભોગવવાનો હુકમ કરવામાં કોઈ ભૂલ કરી છે કે કેમ.

૬. અગાઉ જણાવ્યા મુજબ, ફરિયાદ પક્ષના સાક્ષી ૧ થી ફરિયાદ પક્ષના સાક્ષી ૩ પંચના સાક્ષીઓ છે. પંચના સાક્ષીઓને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા છે.

૬.૧ ત્યારબાદ, ફરિયાદ પક્ષે ફરિયાદીના ભાઈની ફરિયાદ પક્ષના સાક્ષી ૪ તરીકે તપાસ કરી હતી. તેમની જુબાનીમાં, ફરિયાદ પક્ષના સાક્ષી ૪ એ જણાવ્યું હતું કે ઘટના તા. ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ સાંજે ૬.૩૦ થી

૭.૦૦ વાગ્યાની વચ્ચે બની હતી અને ઘટના સમયે, તેઓ ઘટનાસ્થળે હાજર ન હતા, પરંતુ તેઓ તેમના ઘરે હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે ફરિયાદી તેમનો ભાઈ છે અને જ્યારે તેમને ખબર પડી કે તેમના ભાઈ (એટલે કે ફરિયાદી) અને અપીલકર્તા વચ્ચે કોઈ ઘટના બની છે, ત્યારે તેઓ ઘટનાસ્થળે ગયા હતા. તે સમયે અપીલકર્તા ઘટનાસ્થળે હાજર ન હતો. ફરિયાદ પક્ષના સાક્ષી નં. ૪ એ તેમના પુરાવામાં જણાવ્યું હતું કે તેઓ તેમના ભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. તેમણે તેમના પુરાવામાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેમના ભાઈને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાં લગભગ ૫ દિવસ સુધી તેમની સારવાર કરવામાં આવી હતી. તેમની જુબાનીમાં, ફરિયાદ પક્ષના સાક્ષી ૪ એ પણ સ્વીકાર્યું હતું કે ફરિયાદીએ અપીલકર્તાને પથ્થર માર્યો હતો જેના કારણે અપીલકર્તાને ફ્રેક્ચર થયું હતું.

૬.૨. ફરિયાદ પક્ષે ફરિયાદ પક્ષના સાક્ષી ૫ ની તપાસ કરી હતી. ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે ફરિયાદ પક્ષના સાક્ષી ૫ નજરે જોનાર સાક્ષી છે. તેમણે તેમની જુબાનીમાં જણાવ્યું હતું કે તેમની ડાબી આંખમાં એસિડનું એક ટીપું પડ્યું હતું અને તેઓ તરત જ તબીબી સારવાર માટે ગયા હતા અને તેમને ખબર ન હતી, અને તેઓ કહી શકતા નથી, કે તેમની ડાબી આંખમાં એસિડનું ટીપું કેવી રીતે પડ્યું. ઉક્ત ફરિયાદ પક્ષના સાક્ષી ૫ ને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા છે, અને ત્યારબાદ, તેમની ઉલટતપાસ

કરવામાં આવી હતી. ઉક્ત ફરિયાદ પક્ષના સાક્ષી ૫ એ પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે તા. ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ ફરિયાદી અને આરોપી વચ્ચે ઝઘડો થયો હોઈ શકે છે, જોકે, તેઓ તેમના ટેલરિંગ / સિલાઈકામમાં વ્યસ્ત હતા. તેમણે જણાવ્યું હતું કે તેમણે પોલીસ સમક્ષ / તપાસ દરમિયાન તેમના નિવેદનમાં એવું કશું જણાવ્યું ન હતું કે આરોપીએ ફરિયાદીને ગાળો આપી હતી અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો.

૬.૩. ત્યારબાદ, ફરિયાદ પક્ષે ફરિયાદ પક્ષના સાક્ષી ૬ ની તપાસ કરી હતી. તેમના પુરાવામાં, ફરિયાદ પક્ષના સાક્ષી ૬ એ ઉલ્લેખ કર્યો હતો કે તેમની જુબાની રેકોર્ડ પર આધારિત છે અને તેમણે દર્દી એટલે કે ફરિયાદીને દાખલ કર્યા ન હતા અને/અથવા તપાસ્યા ન હતા કે સારવાર કરી ન હતી અને તેમના પુરાવા/જુબાની કેસ પેપરમાં નોંધાયેલી વિગતો પર આધારિત છે. રેકોર્ડ મુજબ, ફરિયાદીની તપાસ ડૉક્ટર સક્સેના દ્વારા કરવામાં આવી હતી, અને ઉક્ત ડૉક્ટર સક્સેનાએ ફરિયાદીને હકીકતો / ઇતિહાસ વિશે પૂછ્યું હતું. ફરિયાદીએ જણાવ્યું હતું કે, આશરે ૦૬.૪૫ કલાકે, શ્રી ત્રિલોક નામના એક વ્યક્તિએ તેમના પર એસિડ ફેંક્યું હતું અને ઉક્ત શ્રી ત્રિલોકે તેમને લાત પણ મારી હતી, અને તેમના મિત્રો તેમને સારવાર માટે હોસ્પિટલમાં લાવ્યા હતા. તેમની જુબાનીમાં, ફરિયાદ પક્ષના સાક્ષી ૬ એ સ્પષ્ટતા કરી હતી કે તેમણે ફરિયાદીની તપાસ અને/અથવા સારવાર કરી

ન હતી અને તેમણે પોતે ફરિયાદીને ઘટનાનો ઈતિહાસ/હકીકતો પૂછી ન હતી. તેમની જુબાનીમાં, તેમણે જણાવ્યું છે કે તેમણે રેકોર્ડના આધારે વિગતોનો ઉલ્લેખ કર્યો છે. ફરિયાદ પક્ષના સાક્ષી ૬ એ તેમની જુબાનીમાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે હોસ્પિટલના રેકોર્ડ મુજબ, ફરિયાદીને તેમના ચહેરા અને ગળા પર ૪% ઈજા, તેમના જમણા હાથ પર ૨% અને તેમની છાતીના ભાગે ૨% દાઝી જવાથી ઈજા થઈ હતી. ફરિયાદ પક્ષના સાક્ષી ૬ એ તેમના પુરાવામાં જણાવ્યું હતું કે હોસ્પિટલના રેકોર્ડ મુજબ, ફરિયાદીને દાઝવાની ઈજાનું પ્રમાણ ૮% હતું અને ફરિયાદીને ઇન્ડોર દર્દી તરીકે દાખલ કરવામાં આવ્યા હતા અને તા. ૧૦/૧૧/૨૦૦૫ ના રોજ રજા આપવામાં આવી હતી. જવાબમાં, ઉલટતપાસ દરમિયાન, ફરિયાદ પક્ષના સાક્ષી ૬ એ જણાવ્યું હતું કે જો કોઈ વ્યક્તિ પર તેના ઘરમાં/બાથરૂમમાં એસિડ પડે તો સમાન ઈજાઓ થઈ શકે છે.

૬.૪ ફરિયાદ પક્ષે ત્યારબાદ બીજા ડૉક્ટર એટલે કે ડૉક્ટર ત્યાગીની ફરિયાદ પક્ષના સાક્ષી ૭ તરીકે તપાસ કરી હતી. ફરિયાદ પક્ષના સાક્ષી ૭ એ તેમની જુબાનીમાં ઉલ્લેખ કર્યો છે કે તા. ૦૩/૧૦/૨૦૦૫ ના રોજ (એટલે કે ઘટના બની તેની તારીખના બીજા દિવસે) શ્રી મનુભાઈ મફતલાલ મહારાજ નામના એક વ્યક્તિ તેમની જમણી આંખમાં દુખાવો હોવાની ફરિયાદ સાથે તેમની હોસ્પિટલની મુલાકાતે આવ્યા હતા. ફરિયાદ પક્ષના સાક્ષી ૭ એ તેમની જુબાનીમાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે તેમણે

ઉક્ત દર્દી એટલે કે મનુભાઈ મફતલાલ મહારાજની જમણી આંખની તપાસ કરી હતી અને તપાસ કરવા પર, તેમણે નોંધ્યું હતું કે દર્દીની જમણી આંખની કીકી પર થોડો સોજો હતો અને ત્યાં લાલાશ પડતો ઉઝરડો હતો. ફરિયાદ પક્ષના સાક્ષી ૭ એ તેમના પુરાવામાં જણાવ્યું હતું કે જો આંખમાં ઈજા થાય અથવા કોઈ રસાયણને કારણે આવો પ્રકારની ઈજા થઈ શકે છે. ફરિયાદ પક્ષના સાક્ષી ૭ એ જણાવ્યું હતું કે તેમણે ઉક્ત દર્દી શ્રી મનુભાઈ મફતલાલ મહારાજની તા. ૦૩/૧૦/૨૦૦૫ થી ૧૦/૧૦/૨૦૦૫ વચ્ચેના સમયગાળા દરમિયાન સારવાર કરી હતી. ઉક્ત ફરિયાદ પક્ષના સાક્ષી ૭ એ પણ જણાવ્યું હતું કે તેમણે પ્રમાણપત્ર આપ્યું હતું. ઉક્ત પ્રમાણપત્ર આંક ૨૮ પર રેકોર્ડમાં છે. ઉક્ત પ્રમાણપત્રમાં એવો ઉલ્લેખ છે કે:- "શ્રી મનુભાઈ એમ મહારાજ રાઈટ આઈ (આરઈ) સુપરફિસિયલ કોર્નિયલ અને કન્જેક્ટીવલ બર્નસથી પીડાતા હતા". તેઓ મારી પાસે તા. ૦૩/૧૦/૨૦૦૫ થી ૧૦/૧૧/૨૦૦૫ સુધી સારવાર હેઠળ હતા.

૬.૫. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની ફરિયાદ પક્ષના સાક્ષી ૮ તરીકે તપાસ કરવામાં આવી હતી અને તેમના પુરાવા આંક ૨૭ પર નોંધવામાં આવ્યા હતા. ફરિયાદ પક્ષના સાક્ષી ૮ એ તેમના પુરાવામાં જણાવ્યું છે કે તા. ૦૩/૧૦/૨૦૦૫ ના રોજ, તેમને બપોરે ૦૩.૧૦ કલાકે મરણોન્મુખ નિવેદન નોંધવાની વિનંતી (વરધી) મળી હતી અને પછી તેઓ એલ.જી. હોસ્પિટલ ગયા હતા, જ્યાં તેમને બર્ન્સ વોર્ડમાં લઈ જવામાં આવ્યા હતા

અને તેમણે દર્દીને નામ અને ઘટના વિશેની હકીકતો જેવી સામાન્ય વિગતો પૂછી હતી. ફરિયાદ પક્ષના સાક્ષી ૮ એ તેમની જુબાનીમાં ઉલ્લેખ કર્યો હતો કે ઉક્ત દર્દી એટલે કે ફરિયાદીએ જણાવ્યું હતું કે છેલ્લા ૨–૩ દિવસથી તેમણે રિપેરિંગ માટે આપેલી ઘડિયાળના સંબંધમાં તેમની અને આરોપી વચ્ચે કોઈ વિવાદ ચાલી રહ્યો હતો અને તા. ૦૩/૧૦/૨૦૦૫ ના રોજ, આરોપીએ તેમનું અપમાન કર્યું હતું અને તેમની જાતિનો ઉલ્લેખ કરીને તેમને ગાળો આપી હતી અને ઝઘડા દરમિયાન તેમની અને આરોપી વચ્ચે કેટલીક બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી ત્યારે આરોપીએ તેમના પર એસિડ ફેંક્યું હતું.

૭. અપીલકર્તા પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬ હેઠળ સજાપાત્ર ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલના ડૉક્ટર કે જ્યાં ફરિયાદીની સારવાર કરવામાં આવી હતી તેમની જુબાની તેમજ હોસ્પિટલના કેસ પેપર્સ અને તબીબી પુરાવાઓના પ્રકાશમાં, કોર્ટને જાણવા મળ્યું કે ફરિયાદીને થયેલી ઈજા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૦ ની મયાદામાં આવતી નથી.

૮. પરિણામે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે ઠરાવ્યું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૬ હેઠળ સજાપાત્ર ગુનો સાબિત થતો નથી કારણ કે ઈજા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૦ ની મયા દામાં આવતી નથી. જોકે, વિદ્વાન ટ્રાયલ

કોર્ટે ઈજાને ધ્યાનમાં રાખીને ઠરાવ્યું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૪ હેઠળ સજાપાત્ર ગુનો સાબિત થાય છે અને આરોપી–અપીલકર્તાને ઉક્ત ગુના માટે દોષિત ઠેરવ્યો હતો.

૯. આગળ વધતા પહેલા, એ નોંધવું પ્રસ્તુત છે કે પોતાના પર એસિડ ફેંકવામાં આવ્યું હોવાના ફરિયાદીના આક્ષેપને ધ્યાનમાં રાખીને પોલીસ તપાસ અધિકારીએ મરણોન્મુખ નિવેદન નોંધવા માટે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને યાદી મોકલી હતી અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૦૩/૧૦/૨૦૦૫ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે નિવેદન/ઘોષણા મરણોન્મુખ નિવેદન તરીકે નોંધવામાં આવી હતી, જ્યારે ફરિયાદીનું જુલાઈ–૨૦૦૭ માં મૃત્યુ થયું હતું, એટલે કે મેજિસ્ટ્રેટે નિવેદન નોંધ્યાના લગભગ બે વર્ષ પછી અને વિદ્વાન ટ્રાયલ કોર્ટે ચુકાદામાં નોંધ્યું છે કે ફરિયાદીનું કુદરતી મૃત્યુ થયું હતું એટલે કે ઈજાઓના કારણે તેમનું મૃત્યુ થયું ન હતું.

૯.૧ આ બાબતને ધ્યાનમાં લેતા, અપીલકર્તાના વિદ્વાન વકીલ અને/અથવા વિદ્વાન એપીપીએ એવો દાવો કર્યો નથી કે નિવેદનને મરણોન્મુખ નિવેદન તરીકે ગણવામાં આવવું જોઈએ અથવા તેને મરણોન્મુખ નિવેદનનો દરજ્જો આપવો જોઈએ અને વિદ્વાન ટ્રાયલ કોર્ટે પણ ઉક્ત ઘોષણા અને નિવેદનને "મરણોન્મુખ નિવેદન" તરીકે ગણ્યા

નથી.

૯.૨ વધુમાં, જ્યાં સુધી ફરિયાદમાંના આક્ષેપોનો સંબંધ છે ત્યાં સુધી, તે પ્રસ્તુત છે કે ફરિયાદીનું તા. ૧૯/૦૭/૨૦૦૭ ના રોજ મૃત્યુ થયું હતું, જ્યારે આંક ૫ હેઠળનો આરોપ તા. ૧૦/૧૦/૨૦૧૩ ના રોજ નોંધવામાં આવ્યો હતો અને ફરિયાદ પક્ષના સાક્ષી ૧ ની જુબાની – પુરાવો તા. ૨૨/૧૦/૨૦૧૩ ના રોજ નોંધવામાં આવ્યો હતો. જેનો અર્થ એ થાય છે કે, આરોપ ઘડવામાં આવે અને સાક્ષીઓના પુરાવા નોંધાય તે પહેલાં જ ફરિયાદીનું મૃત્યુ થઈ ગયું હતું. દેખીતી રીતે જ, ફરિયાદીની તપાસ કરવામાં આવી નથી અને કોર્ટ સમક્ષ તેમના પુરાવા નોંધવામાં આવ્યા નથી અને ફરિયાદમાં ફરિયાદી દ્વારા કરવામાં આવેલા આક્ષેપો કોર્ટ સમક્ષ ફરિયાદીની તપાસ દ્વારા પ્રસ્થાપિત થતા નથી અને ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવી ન હતી. તદુપરાંત, તે પ્રસ્તુત છે કે ઘટના બની ત્યારે હાજર હોવા તરીકે ફરિયાદીએ જે બે વ્યક્તિઓના નામ ચાર્જશીટમાં ઉલ્લેખ કર્યો હતો તેમની પણ તપાસ કરવામાં આવી નથી.

૧૦. આ બાબતને ધ્યાનમાં લેતા, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદીના નિવેદન સહિતની બાબતોને કોર્ટના રેકોર્ડ પર ઉપલબ્ધ અન્ય જુબાનીઓ અને અન્ય ભૌતિક પુરાવાઓના પ્રકાશમાં ધ્યાનમાં લેવાપાત્ર છે. આવી ચકાસણી પર વિવિધ વિસંગતતાઓ અથવા વિરોધાભાસો

સપાટી પર આવ્યા છે.

૧૧. પુરાવાઓના સમગ્ર સેટની ચકાસણી પરથી, એવું ફલિત થયું છે કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા કેસમાં અમુક વિસંગતતાઓ અથવા વિરોધાભાસો છે.

૧૧.૧ આ મુદ્દે, એ નોંધવું પ્રસ્તુત છે કે ઘટનાની તારીખે (એટલે કે તા. ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ) ફરિયાદી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં, તેણે આક્ષેપ કર્યો હતો અને દાવો કર્યો હતો કે અપીલકર્તાએ તેના પર એસિડ ફેંક્યું હતું અને ત્યારબાદ તેનો ભાઈ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તેનો ભાઈ તેને એલ.જી. હોસ્પિટલમાં લઈ ગયો હતો.

૧૧.૨ આ સંદર્ભમાં, એ ઉલ્લેખ કરવો પણ પ્રસ્તુત છે કે ફરિયાદ પક્ષે ફરિયાદીના ભાઈની તપાસ કરી છે. તેમના પુરાવામાં, ફરિયાદીના ભાઈએ (એટલે કે ફરિયાદ પક્ષના સાક્ષી ૪) કબૂલ્યું છે કે તેઓ ઘટનાના સમયે અને સ્થળે હાજર ન હતા, પરંતુ જ્યારે તેમને જાણ થઈ કે અપીલકર્તા અને તેમના ભાઈ વચ્ચે કોઈ ઘટના બની છે ત્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેમણે જોયું કે અપીલકર્તા ભાગી ગયો હતો અને તેમના ભાઈને દાઝી જવાથી ઈજાઓ થઈ હતી, તેથી તેઓ (એટલે કે ફરિયાદીના ભાઈ) તેમને એલ.જી. હોસ્પિટલમાં લઈ ગયા હતા.

૧૧.૩ જ્યારે ફરિયાદ પક્ષના સાક્ષી ૬ એ પણ તેમના પુરાવામાં ઉલ્લેખ કર્યો છે કે ફરિયાદી દ્ધારા ડૉક્ટર સક્સેનાને કહેવામાં આવેલ અને ડૉક્ટર સક્સેના દ્ધારા નોંધવામાં આવેલ ઘટનાના ઈતિહાસ મુજબ, ફરિયાદીએ ઉલ્લેખ કર્યો હતો કે તેમના એટલે કે ફરિયાદીના મિત્રો તેમને હોસ્પિટલમાં લાવ્યા હતા. ઓપીડી કેસ પેપર્સમાં પણ એવું નોંધવામાં આવ્યું છે કે ફરિયાદીએ ઉલ્લેખ કર્યો હતો કે "તેમનો મિત્ર તેમને હોસ્પિટલ લઈ ગયો હતો".

૧૧.૪ ઉક્ત હકીકતની વિરુદ્ધ, ફરિયાદ નોંધાવતી વખતે ફરિયાદીએ ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે તેમને તેમના મોટા ભાઈ એટલે કે ફરિયાદ પક્ષના સાક્ષી ૪ દ્ધારા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

૧૧.૫ આમ, રેકોર્ડ પરના દસ્તાવેજો અને/અથવા સાક્ષીઓની જુબાનીઓ અને ફરિયાદમાં દર્શાવેલ વિગતો વચ્ચે કોઈ સ્પષ્ટતા નથી અથવા તો વિરોધાભાસ કે વિસંગતતાઓ છે. આ પાસાઓ એ હકીકતના પ્રકાશમાં પ્રસ્તુત છે કે ફરિયાદીના અથવા ફરિયાદમાં જેમના નામ દર્શાવેલ છે તે બે વ્યક્તિઓના પુરાવા નોંધવામાં આવ્યા નથી અને ફરિયાદ પક્ષ દ્ધારા સંપૂર્ણ સાંકળ પ્રસ્થાપિત કરવામાં આવી નથી.

૧૨. આ ઉપરાંત, ફરિયાદીને થયેલી ચોક્કસ / વાસ્તવિક ઈજા અંગે વિસંગતતાઓ / વિરોધાભાસો છે. ફરિયાદ પક્ષના સાક્ષી ૬ ની જુબાની પરથી, એવું ફલિત થાય છે કે ફરિયાદીને તેમના જમણા હાથ પર ૨% દાઝવાથી ઈજા થઈ હતી અને છાતી પર ૨% ઈજા અને તેમના ચહેરા અને ગરદન પર ૪% ઈજા થઈ હતી. એ પ્રસ્તુત છે કે કેસ પેપર્સમાં ફરિયાદીની આંખોમાં થયેલી કોઈ પણ ઈજા વિશે કોઈ ઉલ્લેખ નથી.

૧૨.૧ તા. ૦૨/૧૦/૨૦૦૫ ની તેમની ફરિયાદમાં ફરિયાદી દ્વારા ઉલ્લેખિત હકીકતો અને વિગતો મુજબ, તેમને તેમના ચહેરા, જમણા હાથ અને તેમની છાતી પર ઈજા થઈ હતી. આમ, ફરિયાદના દાવા મુજબ પણ, તેમને તેમની આંખોમાં કોઈ ઈજા થઈ ન હતી.

૧૨.૨ જ્યારે ડૉક્ટર તાવિયાડ (ફરિયાદ પક્ષના સાક્ષી ૬) ની જુબાની / પુરાવા મુજબ ફરિયાદીને તેમની આંખોમાં ઈજા થઈ હતી, અને તેથી, આંખના સર્જનનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. જોકે, ફરિયાદ પક્ષના સાક્ષી ૬ દ્વારા રેકોર્ડ પર મૂકવામાં આવેલા હોસ્પિટલના કેસ પેપરમાં ફરિયાદીની આંખોમાં થયેલી ઈજા વિશે કશું જ ઉલ્લેખ નથી. તેનાથી વિપરીત, હોસ્પિટલના પેપરમાં નીચે મુજબની નોંધો છે.

"દ્રષ્ટિ સામાન્ય. આંખની હલનચલન સામાન્ય. કીકી સામાન્ય કદની,

પ્રતિક્રિયા આપી."

૧૨.૩ આમ, એક તરફ ફરિયાદીએ પોતે તેમની આંખોમાં થયેલી ઈજા વિશે કશું જ કહ્યું ન હતું અને કેસ પેપરમાં પણ આવી કોઈ અસર વિશે કોઈ ઉલ્લેખ નથી, જ્યારે બીજી તરફ ફરિયાદ પક્ષના સાક્ષી ક એ પોતાના પુરાવામાં ફરિયાદીની આંખમાં થયેલી ઈજા વિશે ઉલ્લેખ કર્યો છે.

૧૩. બીજું પ્રસ્તુત પાસું એ છે કે જોકે ફરિયાદ પક્ષના સાક્ષી ક એ આંખના સર્જનના રિપોર્ટ વિશે ઉલ્લેખ કર્યો હતો, તેમ છતાં આંખના સર્જનનો કોઈ રિપોર્ટ કે જે ફરિયાદીની આંખોમાં ઈજાના સંદર્ભમાં ફરિયાદ પક્ષના સાક્ષી ક ના પુરાવાને સમર્થન આપી શકે તેવો કોઈ રિપોર્ટ રેકોર્ડ પર નથી.

૧૪. અહીં હજુ એક વિસંગતતા અથવા વિરોધાભાસ છે. ફરિયાદીની શારીરિક સ્થિતિના પંચનામામાં એવો ઉલ્લેખ છે કે દાઝવાની ઈજા "ડાબા હાથ" ની હથેળી પર હતી, જ્યારે ઓપીડી કેસ પેપર્સ અનુસાર અને ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ વિગતો અનુસાર, તેમને તેમના "જમણા હાથ" પર દાઝવાની ઈજા થઈ હતી. ફરિયાદ પક્ષના સાક્ષી ક ની જુબાની અનુસાર પણ ઈજા ફરિયાદીના જમણા હાથ પર હતી (અને આંક ૮ પર દર્શાવ્યા મુજબ ડાબા હાથ પર નહીં).

૧૫. તા. ૦૨/૧૦/૨૦૦૫ ની ફરિયાદમાં કે ડૉક્ટર સમક્ષ (ઘટનાની હકીકતો / ઈતિહાસ જણાવતી વખતે) ક્યાંય પણ ફરિયાદીએ એવો ઉલ્લેખ કર્યો ન હતો કે તેમણે આરોપી–અપીલકર્તાને પથ્થર માર્યો હતો. ફરિયાદ પક્ષના સાક્ષી ૫ કે જેમની ફરિયાદ પક્ષ દ્વારા નજરે જોનાર સાક્ષી તરીકે તપાસ કરવામાં આવી હતી (જેમને પ્રતિકૂળ જાહેર કરવામાં આવ્યા હતા) તેમણે પણ તેમની જુબાનીમાં એવો ઉલ્લેખ કર્યો ન હતો કે ફરિયાદીએ અપીલકર્તાને પથ્થર માર્યો હતો, જ્યારે ફરિયાદીના ભાઈ એટલે કે ફરિયાદ પક્ષના સાક્ષી ૪ કે જેઓ ઘટનાસ્થળે અથવા જ્યારે ઘટના બની ત્યારે હાજર પણ ન હતા, તેમણે તેમના પુરાવામાં ઉલ્લેખ કર્યો હતો કે તેમના ભાઈ એટલે કે ફરિયાદીએ અપીલકર્તાને પથ્થર માર્યો હતો, જેના કારણે અપીલકર્તાના પગમાં ફ્રેક્ચર થયું હતું.

૧૬. ઉપરોક્ત વિસંગતતાઓ અથવા વિરોધાભાસો ઉપરાંત, એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત છે કે ફરિયાદ પક્ષના સાક્ષી ૫ ની નજરે જોનાર સાક્ષી તરીકે તપાસ કરવામાં આવી હતી. તેમના નિવેદન / જુબાનીમાં ફરિયાદ પક્ષના સાક્ષી ૫ એ ઉલ્લેખ કર્યો હતો કે "(એ) એસિડનું એક ટીપું તેમની ડાબી આંખમાં પડ્યું (બી) અને તેઓ સારવાર માટે તરત જ હોસ્પિટલ / દવાખાને દોડી ગયા હતા."

૧૬.૧. આ સંદર્ભમાં, એ નોંધવું પ્રસ્તુત છે કે ડૉક્ટર એ એસ ત્યાગી

(ફરિયાદ પક્ષના સાક્ષી ૭) ની ફરિયાદ પક્ષ દ્વારા તપાસ કરવામાં આવી હતી (ડૉક્ટર તરીકે કે જેમણે કથિત રીતે ઉપરોક્ત ફરિયાદ પક્ષના સાક્ષી ૫ ની સારવાર કરી હતી).

૧૬.૨ ફરિયાદ પક્ષના સાક્ષી ૫ ના પુરાવાને સમર્થન અને પુષ્ટિ આપવા માટે ફરિયાદ પક્ષે ઉક્ત ફરિયાદ પક્ષના સાક્ષી ૭ ડૉક્ટર ત્યાગીની તપાસ કરી હતી. જોકે, જ્યારે ફરિયાદ પક્ષના સાક્ષી ૭ ની જુબાનીની તપાસ કરવામાં આવે છે, ત્યારે એવું ફલિત થાય છે કે જ્યારે ફરિયાદ પક્ષના સાક્ષી ૫ એ પોતે દાવો કર્યો હતો કે એસિડનું એક ટીપું તેમની "ડાબી આંખ" માં પડ્યું હતું, ત્યારે ફરિયાદ પક્ષના સાક્ષી ૭ ડૉક્ટર ત્યાગીએ કહ્યું હતું કે જે દર્દીની તેમણે તપાસ કરી હતી તેઓ તેમની "જમણી આંખ" (અને ડાબી આંખમાં નહીં) માં ફરિયાદ સાથે તેમની પાસે આવ્યા હતા અને તેમની જમણી આંખની કીકી પર થોડો સોજો હતો અને સહેજ લાલાશ પડતો ઉઝરડો હતો.

૧૬.૩ તેમના દ્વારા જારી કરવામાં આવેલ તા. ૨૧/૧૦/૨૦૦૫ (આંક ૨૪) ના પ્રમાણપત્રમાં તેમણે ઉલ્લેખ કર્યો છે કે "જમણી આંખ (આરઈ) સુપરફિસિયલ કોર્નિયલ અને કન્જેક્ટીવલ બર્નસ". વધુમાં, ડૉક્ટર ત્યાગી (ફરિયાદ પક્ષના સાક્ષી ૭) ની જુબાની મુજબ, તેમણે જે દર્દીની તપાસ કરી હતી (જમણી આંખમાં ફરિયાદ સાથે) અને જેના સંદર્ભમાં તેમણે ઉક્ત

તા. ૨૧/૧૦/૨૦૦૫ (આંક ૨૪) નું પ્રમાણપત્ર જારી કર્યું હતું તેનું નામ મનુભાઈ મફતલાલ મહારાજ હતું.

૧૬.૪ આંક ૨૪ પરના પ્રમાણપત્રમાં પણ ડૉક્ટર ત્યાગી દ્વારા જે નામ ઉલ્લેખિત છે તે મનુભાઈ એમ મહારાજ છે, જ્યારે ફરિયાદ પક્ષના સાક્ષી ૫ નું નામ (એટલે કે ફરિયાદ પક્ષ દ્વારા નજરે જોનાર સાક્ષી તરીકે તપાસવામાં આવેલ વ્યક્તિ) જેનો ઉલ્લેખ આંક ૧૮ માં છે એટલે કે ફરિયાદ પક્ષના સાક્ષી ૫ ની જુબાની, (જેઓ આરોપીની દુકાનની બાજુમાં દુકાન ચલાવે છે અને થોડી ઈજા પહોંચી હતી) તે "મનુભાઈ મફાભાઈ શ્રીમાળી" છે.

૧૬.૫. વધુમાં, ફરિયાદ પક્ષના સાક્ષી ૫ એ તેમના નિવેદન/જુબાનીમાં ઉલ્લેખ કર્યો હતો કે તેઓ એસિડનું ટીપું તેમની આંખમાં પડ્યા પછી તરત જ તે જ દિવસે એટલે કે તા. ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ દવાખાને દોડી ગયા હતા. જ્યારે ડૉક્ટર ત્યાગી (ફરિયાદ પક્ષના સાક્ષી ૭) ની જુબાની મુજબ દર્દી એટલે કે મનુભાઈ મફતલાલ મહારાજ તા. ૦૩/૧૦/૨૦૦૫ (અને ૦૨/૧૦/૨૦૦૫ ના રોજ નહીં) ના રોજ તેમની હોસ્પિટલ (જમણી આંખમાં ફરિયાદ સાથે) આવ્યા હતા. આંક ૧૮ અને ૨૩ પર અનુક્રમે નોંધાયેલા ફરિયાદ પક્ષના સાક્ષી ૫ અને ફરિયાદ પક્ષના સાક્ષી ૭ ના પુરાવા–જુબાનીમાંથી અને આંક ૨૪ (એટલે કે ડૉક્ટર ત્યાગી દ્વારા

જારી કરાયેલ પ્રમાણપત્ર) માંથી ઉદ્ભવતા આ પાસાઓ અંગે કોઈ ખુલાસો નથી.

૧૭. બીજું પાસું જેનો ઉલ્લેખ કરવો અને ધ્યાનમાં લેવું જરૂરી છે તે ફરિયાદીના (જેના પર અપીલકર્તા દ્વારા એસિડ ફેંકવામાં આવ્યું હતું) કપડાં સાથે સંબંધિત છે.

૧૭.૧. આ મુદ્દે, એ યાદ કરવું અને ઉલ્લેખ કરવો પ્રસ્તુત છે કે ફરિયાદીના પુરાવા–જુબાની નોંધવામાં આવ્યા નથી અને ફરિયાદીની કોર્ટમાં તપાસ કરવામાં આવી ન હતી.

૧૭.૨ આમ, તપાસ અધિકારીને જે કપડાં બતાવવામાં / રજૂ કરવામાં આવ્યા હતા અને સોંપવામાં આવ્યા હતા તેને ફરિયાદીએ પોતે પોતાના કપડાં એટલે કે ઘટના બની ત્યારે તેણે પહેરેલા કપડાં તરીકે ઓળખ્યા ન હતા.

૧૭.૩ રેકોર્ડ પરની સામગ્રી મુજબ, ઉક્ત કપડાં ફરિયાદીના ભાઈ એટલે કે ફરિયાદ પક્ષના સાક્ષી ૪ દ્વારા પોલીસ / તપાસ અધિકારીને સોંપવામાં આવ્યા હતા. ફરિયાદ પક્ષના સાક્ષી ૪ એ જ દાવો કર્યો/કહ્યું હતું કે જે કપડાં સોંપવામાં આવ્યા છે તે ફરિયાદીના છે અને ઘટના બની ત્યારે

ફરિયાદીએ તે કપડાં પહેર્યા હતા, પરંતુ ફરિયાદીએ પોતે ઉક્ત કપડાં પોતાના હોવાનું ઓળખી બતાવ્યા ન હતા કે ઘટનાના દિવસે તેણે તે કપડાં પહેર્યા હતા તેવું જણાવ્યું ન હતું.

૧૭.૪ જે બાબત પ્રસ્તુત છે તે એ હકીકત છે કે પંચનામામાં એવું નોંધાયેલ છે કે ઘટના બની ત્યારે ફરિયાદીએ પહેરેલા શર્ટની આગળની જમણી બાજુએ તેમજ શર્ટની પાછળની બાજુએ કાણાં હતાં. એ પ્રસ્તુત છે કે ડૉક્ટર તાવિયાડ (ફરિયાદ પક્ષના સાક્ષી ૬) ની જુબાનીમાં અને હોસ્પિટલ દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્રમાં એવો ઉલ્લેખ છે કે ફરિયાદીને છાતી પર દાઝવાથી ઈજા થઈ હતી.

૧૭.૫. આ બાબતને ધ્યાનમાં લેતા, તે સંભવ અથવા શક્ય નથી કે જ્યારે ફરિયાદીના ચહેરા પર (એટલે કે તેના આગળના ભાગ પર) એસિડ ફેંકવામાં આવે ત્યારે એસિડ શર્ટના પાછળના ભાગ સુધી પહોંચે અને શર્ટના પાછળના ભાગ પર કાણાં પાડે અને તે પણ ત્યારે જ્યારે ઘટના સમયે વ્યક્તિ દ્વારા (જેની આગળના ભાગે એસિડ ફેંકવામાં આવ્યું હોય) શર્ટ પહેરવામાં આવ્યો હોય. પ્રમાણપત્ર અનુસાર અને ડૉક્ટરના પુરાવા અનુસાર પણ ફરિયાદીના ચહેરા પર એસિડ ફેંકવામાં આવ્યું હોવાથી, ઘટના સમયે વ્યક્તિ દ્વારા પહેરેલા શર્ટના માત્ર આગળના ભાગ પર જ નહીં પરંતુ પાછળના ભાગ પર પણ એસિડ કાણાં પાડે તેવી કોઈ શક્યતા કે

સંભાવના ન હતી.

૧૮. આ મુદ્દે એ નોંધવું પણ પ્રસ્તુત છે કે જોકે કપડાં ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) રિપોર્ટ માટે મોકલવામાં આવ્યા હતા, પરંતુ એફએસએલ રિપોર્ટ રેકોર્ડ પર મૂકવામાં આવ્યો ન હતો અને કોર્ટ દ્વારા માંગવામાં કે મેળવવામાં પણ આવ્યો ન હતો.

૧૮.૧ આમ, એફએસએલ રિપોર્ટ જે સામાન્ય રીતે એ સ્પષ્ટ કરશે કે શર્ટ અને ટ્રાઉઝર પરના કાણાં એસિડ (અથવા અન્ય કોઈ સામગ્રી) ને કારણે થયા હતા કે કેમ અને શું ઘડિયાળ રિપેર કરવાની દુકાનમાં ઘડિયાળના ભાગોને સાફ કરવા માટે વપરાતા એસિડના પ્રકારથી દાઝવાની આવી ઈજા થઈ શકે કે કેમ અને શર્ટ અને ટ્રાઉઝર પરના કાણાં એ જ પ્રકારના એસિડને કારણે થયા હતા કે કેમ જેનાથી ફરિયાદીને ઈજા થઈ હતી અને જે એસિડને કારણે ઈજા/દાઝવાના નિશાન થયા હતા તે અપીલકર્તા દ્વારા તેની દુકાનમાં વપરાતા એસિડ જેવું જ હતું કે કેમ અને એસિડના હુમલા સમયે ઈજાગ્રસ્ત વ્યક્તિ દ્વારા પહેરવામાં આવેલા શર્ટ પર એસિડ માત્ર આગળની બાજુ ફેંકવામાં આવ્યું હોવા છતાં કાણાં પડે તે શક્ય છે કે કેમ, તે કોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યું ન હતું.

૧૮.૨ રિકવરી પંચનામા મુજબ, ફરિયાદીના ટ્રાઉઝરના આગળના ભાગમાં

પણ કાણાં હતાં. એ પણ પ્રસ્તુત છે કે કોઈપણ પ્રકારની કસોટી કર્યા વિના, પંચનામામાં કાણાંનું વર્ણન એસિડને કારણે પડેલા કાણાં તરીકે કરવામાં આવ્યું છે. ડૉક્ટર તાવિયાડ (ફરિયાદ પક્ષના સાક્ષી ૬) ના પુરાવા અને/અથવા હોસ્પિટલના કેસ પેપરમાં એવો ઉલ્લેખ નથી કે અપીલકર્તાને તેના પગના નીચેના ભાગમાં અથવા ઉપરના ભાગમાં દાઝવાની કોઈ ઈજા હતી. ફરિયાદીએ પોતે પણ એવો કોઈ દાવો કર્યો નથી કે અપીલકર્તા દ્વારા ફેંકવામાં આવેલ એસિડ તેના પગ પર પણ પડ્યું હતું. આમ, ટ્રાઉઝર પરના કાણાં અંગે ફરિયાદ પક્ષ દ્વારા કોઈ ખુલાસો આપવામાં આવ્યો નથી.

૧૮.૩. આ મુદ્દાની ચર્ચા કરતી વખતે એ ઉલ્લેખ કરવો પણ પ્રસ્તુત છે કે જ્યારે તપાસ અધિકારીએ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને અપીલકર્તાની કેબિન – દુકાન કે જ્યાં ઘટના કથિત રીતે બની હતી તેનું પંચનામું તૈયાર કર્યું, ત્યારે એસિડ ભરેલી વાટકી (કથિત રીતે ફરિયાદી પર ફેંકવામાં આવે તે પહેલાં) જે કથિત રીતે ફરિયાદી પર ફેંકવામાં આવ્યું હતું તે કેબિન–દુકાનમાં કે ઘટનાસ્થળે કેબિન–દુકાનની આસપાસ કોઈ પણ જગ્યાએથી મળી આવી ન હતી.

૧૮.૪ એટલું જ નહીં, પરંતુ કેબિન–દુકાનમાં એસિડનો કોઈ જથ્થો પણ મળ્યો ન હતો અને આખી કેબિન–દુકાનમાં કે કાઉન્ટર પર એસિડના કોઈ

નિશાન પણ મળ્યા ન હતા અને જે સ્ટીલની વાટકીમાં એસિડ હતું અને જેમાંથી કથિત રીતે ફરિયાદી પર એસિડ ફેંકવામાં આવ્યું હતું તે પણ કેબિનમાં જોવા મળી ન હતી.

૧૮.૫ અપીલકર્તાની / આરોપીની કેબિન–દુકાનમાંથી કોઈપણ વસ્તુ એટલે કે વાટકી (જેમાંથી કથિત રીતે એસિડ ફેંકવામાં આવ્યું હતું) અથવા એસિડનો કોઈપણ જથ્થો જપ્ત/રિકવર કરવામાં આવ્યો ન હતો અને કેબિન–દુકાનમાં (એટલે કે દુકાનના ફ્લોર પર અથવા કાઉન્ટર પર) અથવા બહારના વિસ્તારમાં કોઈ નિશાન અથવા ચિહ્ન ન હતું જે દર્શાવે કે કોઈના પર એસિડ ફેંકવામાં આવ્યું હતું.

૧૮.૬ હકીકત એ છે કે આ પાસાઓ એટલે કે ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબ ફરિયાદી પર એસિડ ફેંકવામાં આવ્યું હોવા છતાં, કાઉન્ટર પર કે દુકાનના ફ્લોર પર કોઈ નિશાન કે ચિહ્ન ન હતા અને દુકાનમાં કોઈ એસિડ ન હતું, તે અંગે ફરિયાદ પક્ષ દ્વારા કોઈ ખુલાસો આપવામાં આવ્યો નથી.

૧૯. અગાઉ જણાવ્યા મુજબ, ફરિયાદ અને ફરિયાદની સામગ્રીના સંબંધમાં ફરિયાદ પક્ષ દ્વારા ફરિયાદી કે અન્ય કોઈ સાક્ષીની તપાસ કરવામાં આવી નથી. એ વાત સાચી છે કે ફરિયાદીના ભાઈની (ફરિયાદ પક્ષના સાક્ષી ૪) ફરિયાદ પક્ષ દ્વારા તપાસ કરવામાં આવી છે.

૧૯.૧ જોકે, નિર્વિવાદપણે જ્યારે ઘટના બની ત્યારે ઉક્ત ફરિયાદ પક્ષના સાક્ષી ૪ ઘટનાસ્થળે હાજર ન હતા.

૧૯.૨ તેથી તેમની (ફરિયાદ પક્ષના સાક્ષી ૪ ની) જુબાનીના પુરાવા ફરિયાદ પક્ષ માટે કોઈ સહાયરૂપ નથી અને ઉક્ત પુરાવાઓ એ સાબિત કરતા નથી કે (એ) એસિડ ફેંકવામાં આવ્યું હતું અને/અથવા (બી) અપીલકર્તા દ્વારા એસિડ ફેંકવામાં આવ્યું હતું અને/અથવા (સી) અપીલકર્તાની દુકાનમાં વપરાતા એસિડથી ફરિયાદીને ઈજાઓ થઈ હતી. બીજા શબ્દોમાં કહીએ તો, ઉક્ત પુરાવાઓ ફરિયાદ પક્ષને એ પ્રસ્થાપિત કરવામાં મદદ કરતા નથી કે દાવા મુજબની ઘટના બની હતી. બીજી તરફ ફરિયાદ પક્ષના સાક્ષી નં. ૫ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી. આ ઉપરાંત, ફરિયાદીએ બે મિત્રો / વ્યક્તિઓના નામ પોતાના સાક્ષીઓ તરીકે દર્શાવ્યા હતા. જોકે, ઉક્ત બે વ્યક્તિઓમાંથી કોઈપણની તપાસ ફરિયાદ પક્ષ દ્વારા કરવામાં આવી નથી.

૧૯.૩ જ્યારે આ તમામ પાસાઓને એકસાથે અને સંયુક્ત રીતે ધ્યાનમાં લેવામાં આવે છે ત્યારે એવું ફલિત થાય છે કે કોર્ટના રેકોર્ડ પર ઉપલબ્ધ જુબાનીઓ અને અન્ય ભૌતિક પુરાવાઓમાંથી જેટલું બહાર આવ્યું છે તેના કરતાં વધુ મુદ્દાઓ અને પ્રશ્નો એવા છે જેનો કોઈ ખુલાસો કે જવાબ મળ્યો

નથી.

૨૦. ફરિયાદીએ ફરિયાદમાં જે બે વ્યક્તિઓના નામનો ઉલ્લેખ કર્યો હતો તે અંગે અથવા તેને સંબંધિત અન્ય એક મહત્વનું પાસું છે. ઘટના સમયે અને સ્થળે તેમની કથિત હાજરી પ્રસ્થાપિત કરવા માટે કોઈ પુરાવા રેકોર્ડ પર મૂકવામાં આવ્યા નથી.

૨૦.૧ સાક્ષીઓની જુબાની અને રેકોર્ડ પરના અન્ય ભૌતિક પુરાવાઓએ સપાટી પર એવા વિરોધાભાસો અને વિસંગતતાઓ લાવી છે જે ખાતરીપૂર્વક અને સંતોષકારક જવાબ / ખુલાસા કરતાં માત્રા અને ગુણવત્તામાં વધુ છે. પુરાવાકીય મૂલ્ય અને સાબિતીના મૂલ્ય ધરાવતા કોઈપણ પુરાવાની સ્પષ્ટ ગેરહાજરી છે અને ફરિયાદીના અને/અથવા અપીલકર્તાના કપડાંના સંદર્ભમાં એફએસએલ રિપોર્ટ પણ રેકોર્ડ પર નથી.

૨૦.૨. તેમની જુબાનીમાં, ફરિયાદ પક્ષના સાક્ષી ૪ (એટલે કે ફરિયાદીના ભાઈ) એ એવો ઉલ્લેખ કર્યો નથી કે જ્યારે તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા (અને તેમના ભાઈને હોસ્પિટલમાં લઈ ગયા) ત્યારે અન્ય મિત્રો, ખાસ કરીને ફરિયાદી દ્વારા નોંધાવવામાં આવેલી તા. ૦૨/૧૦/૨૦૦૫ ની ફરિયાદમાં જેમના નામ દર્શાવેલ છે તે વ્યક્તિઓ ત્યાં હાજર હતા. ફરિયાદ પક્ષના સાક્ષી ૪ એટલે કે ફરિયાદીના ભાઈએ પણ એ સ્વીકાર્યું છે કે તેમને

ઘટના અંગે માત્ર ત્યારે જ જાણ થઈ જ્યારે તેમને તે વિશે જણાવવામાં આવ્યું હતું અને જ્યારે ઘટના બની ત્યારે તેઓ ઘટનાસ્થળે હાજર ન હતા.

